

20 માર્ચ વિશ્વ ચકલી દિવસ

# રહેઠાણ પૂરું પાડી વલસાડમાં ચકલીનું થઇ રહેલું સંરક્ષણ

**સેવા** મિત્ર મંડળ થકી વિતરણ થયેલા માળામાં ચકલીઓ વસવાટ કરી રહી છે

**મહત્ત્વનો** ભાગ ભજવતી સ્વયં સેવી સંસ્થાઓ દ્વારા વિતરણ થઇ રહેલા ચકલીના લાકડાના માળા

**પ્રકૃતિ**પ્રેમી જનતાના મોટા ફાળાના પગલે ચકલીની સંખ્યામાં વધારો

**ચકલીના** માળા જ નહી, તેના ખોરાકનું પણ મોટા પાયે થઇ રહેલું વિતરણ

વલસાડ : વલસાડમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ચકલીની સંખ્યામાં વધારો થયો હોવાનું પ્રાથમિક દ્રષ્ટીએ લાગી રહ્યું છે. જેમાં સ્વયં સેવી સંસ્થાઓ દ્વારા વિતરણ થઇ રહેલા ચકલીના લાકડાના માળા મહત્વનો ભાગ ભજવી રહ્યા છે. જેની સાથે વલસાડની પ્રકૃતિ પ્રેમી જનતાનો પણ મોટો ફાળો રહ્યો છે.

વલસાડમાં થોડા વર્ષો અગાઉ ચકલીની ઘટતી જતી સંખ્યાને લઇ સેવા મિત્ર મંડળ તેમજ નેચર ક્લબ સહિત અનેક સંસ્થાઓએ ચકલીના સંરક્ષણ માટે એક અભિયાન ચલાવ્યું હતુ. આ સંરક્ષણ અભિયાન








અંતર્ગત તેમના દ્વારા ચકલીને માળો બનાવવા માટે લાકડાના માળાનું વિતરણ શરૂ કરાયું હતુ. તેમજ લોકોમાં જાગૃતતા ફેલાવી હતી. તેમજ બે વર્ષ અગાઉ નેચર ક્લબ દ્વારા ચકલીનું ગુગલ લોકેશન અને ફોટો મોકલવાની લોકોને અપીલ પણ કરાઇ હતી. આ અપીલમાં તેમને સફળતા મળી અને મહ્દંશે ચકલીની સંખ્યામાં વધારો થયો હોવાનું તેમણે નોંધ્યું પણ હતુ. ચકલીની સંખ્યાને વધારવામાં વલસાડ શહેરને સારી એવી સફળતા મળી હોવાનું જોવા મળી રહ્યું છે. આ વર્ષે પણ સેવા મિત્ર મંડળે ચકલીના માળાનું વિતરણ કર્યું હતુ. જેમાં મોટી સંખ્યામાં ચકલી પ્રેમીઓ માળો લેવા ઉમટી પડ્યા હતા.

આ સિવાય બજારમાં મળતા ચકલીના માળા જ નહી, તેના ખોરાકનું પણ મોટા પાયે વિતરણ થઇ રહ્યું છે. આ ચણ અનેક પ્રકૃતિ પ્રેમીઓ જ્યાં ત્યાં મુકી ચકલીની વસ્તી વધારવા પ્રોત્સાહન પુરું પાડી રહી છે.

## ચકલીની વસતી ઘટાડામાં કાગડાનો મોટો હાથ

ચકલીની વસ્તી ઘટાડામાં કાગડાનો મોટો હાથ હોય છે. ચકલી જ્યારે ઈંડા મુકે અને તેનો માળો ખુલ્લો હોય તો કાગડા ચકલીના ઈંડા ખાઇ જતો હોય છે. એવા અનુભવ અનેક લોકોએ કર્યો હતો. જોકે, ચકલી પ્રેમી સંસ્થાઓ દ્વારા અપાયેલા માળામાં જ્યારે ચકલી ઈંડા મુકે તે તે ખાવા કાગડા માટે મુશ્કેલ બની જાય છે. જેના કારણે ચકલીની સંખ્યા વધી રહી હોવાનું જોવા મળે છે. ત્યારે ચકલી પ્રેમીઓએ ચકલીના ઈંડાને કાગડાથી બચાવવું જરૂરી બન્યું છે.



## માળો બનાવતી ચકલી પ્રેરણારૂપ છે

ચકલી પોતાનો માળો બનાવવામાં ખૂબ મહેનત કરે છે. એક એક તણખલું ઉંચકીને લાવે અને માળો બનાવે છે. ભલે માળો કોઇ કારણોસર તૂટી જાય તો પણ તે હાર માનતી નથી અને સતત તેને ફરી બનાવવામાં મંડી પડે છે. જોકે, એક વખત માળામાં બચ્ચા મુકે અને પછી બચ્ચું મોટું થઇને ઉડી જાય ત્યારે ફરી વખત એ ચકલી માળામાં આવતી નથી. પછી તે બીજા વર્ષે ફરીથી માળો બનાવતી હોય છે.

## વલસાડના તિથલ રોડ વિસ્તારમાં ચકલીનો ગણગણાટ સામાન્ય

**વલસાડના તિથલ રોડ વિસ્તારમાં ચકલીનો ગણગણાટ સામાન્ય રીતે જોવા મળે છે. તિથલ રોડ પર આવેલા રંગ વાટીકા ક્રિડાંગણની આજુબાજુ પણ ચકલીઓ મોટા પ્રમાણમાં જોવા મળે છે. આ સાથે તિથલ રોડના અનેક એપાર્ટમેન્ટ બહાર ચકલી પ્રેમીઓ દ્વારા ચકલી માટે ઘર મુકાતા ચકલી તેમાં માળો બનાવતી જોવા મળી રહી છે.**

# વિજ્ઞાન વિષય સાથે ધો.10ના મહત્ત્વના વિષયોની પરીક્ષા પૂર્ણ થતાં વિદ્યાર્થીઓમાં હાશકારો

**વિજ્ઞાનનું** પેપર તો સરળ હતું પરંતુ લેન્ધી હોવાથી તેને સમજવામાં સમય લાગ્યો : વિદ્યાર્થીઓ

વલસાડ : ધો.10 વિજ્ઞાન વિષયના પેપર અંગે વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે પેપર તો સરળ હતું. પરંતુ લેન્ધી હોવાથી તેને સમજવામાં સમય લાગ્યો હતો, પ્રશ્નો પણ પાઠ્યપુસ્તકમાંથી હતા, જોકે સેક્શન સીમાં કેટલાક પ્રશ્ન ટ્વિસ્ટ કર્યા હોવાથી સમજવામાં વાર લાગી હતી. વિજ્ઞાન વિષય હોવાથી મનમાં જે ડર હતો તે દૂર થતાં પેપર સારું લખ્યું છે. પેપર જોતાં એવરેજ વિદ્યાર્થી પણ પાસ થઈ જશે. વિજ્ઞાન વિષય સાથે ધો.10ના મહત્વના વિષયોની પરીક્ષા પૂર્ણ થતાં વિદ્યાર્થીઓમાં હાશકારો અને ખુશી જોવા મળી હતી.



## નવસારી જિલ્લામાં ધોરણ 10 માં 213 ને ધોરણ 12 માં 34 વિદ્યાર્થીઓ ગેરહાજર

નવસારી : નવસારી જિલ્લામાં ચાલી રહેલી બોર્ડની પરીક્ષામાં ધોરણ 10 માં વિજ્ઞાન વિષયનું પેપર હતું. જે પરીક્ષામાં કુલ 19,238 વિદ્યાર્થીઓ પૈકી 18,825 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જ્યારે 213 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. જ્યારે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહમાં ગણિત વિષયનું પેપર હતું. જેમાં 1727 વિદ્યાર્થીઓ પૈકી 1720 હાજર રહ્યા હતા. જ્યારે 7 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. તેમજ ધોરણ 12 સામાન્ય પ્રવાહમાં વાણિજ્ય વ્યવસ્થા વિષયનું પેપર હતું. જેમાં 3684 વિદ્યાર્થીઓ પૈકી 3657 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જ્યારે 27 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

## વલસાડ જિલ્લામાં ધો.10 વિજ્ઞાન વિષયમાં 719 વિદ્યાર્થી ગેરહાજર

વલસાડ : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાઈ રહેલી બોર્ડ પરીક્ષાઓ અંતર્ગત સોમવારે ધો.10 વિજ્ઞાન વિષયની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં નોંધાયેલા 31,778 વિદ્યાર્થીઓ પૈકી 31,059 હાજર અને 719 ગેરહાજર નોંધાયા હતા. જ્યારે વિજ્ઞાન વિષયમાં નોંધાયેલા તમામ 48 વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે ધો.12 સામાન્ય પ્રવાહમાં વાણિજ્ય વ્યવસ્થા વિષયની પરીક્ષા લેવાઈ હતી. જેમાં નોંધાયેલા 7150 વિદ્યાર્થીઓ પૈકી 7093 હાજર અને 57 ગેરહાજર નોંધાયા હતા. જ્યારે વિજ્ઞાન પ્રવાહમાં ગણિત વિષયમાં નોંધાયેલા 2432 વિદ્યાર્થી પૈકી 2389 હાજર અને 43 ગેરહાજર નોંધાયા હતા. એ જ રીતે વ્યવસાયલક્ષી પ્રવાહમાં એનાલીસિસ એન્ડ ડિઝાઇન વિષયમાં નોંધાયેલા તમામ 28 વિદ્યાર્થી હાજર રહ્યા હતા. જ્યારે સંસ્કૃત પ્રથમા અનિવાર્ય વ્યાકરણમાં વિષયમાં નોંધાયેલા તમામ 21 વિદ્યાર્થી હાજર રહ્યા હતા. પરીક્ષા દરમિયાન ગેરરીતિનો કોઈ બનાવ નોંધાયો નહીં હોવાનું શિક્ષણ વિભાગે જણાવ્યું હતું.

# ડાંગ જિલ્લાનાં તોરણીયા ડુંગરનાં જંગલ વિસ્તારમાં દવ લાગતા અફરાતફરી મચી

**વન** વિભાગની ટીમને મોડી રાત્રે જંગલ વિસ્તારમાં લાગેલા દવને કાબુમાં લેવા માટે સફળતા મળી

**સાપુતારા : ડાંગ જિલ્લાનાં દક્ષિણ વન વિભાગનાં શામગહાન રેંજનાં તોરણીયા ડુંગરનાં જંગલ વિસ્તારમાં દવ લાગતા અફરાતફરી મચી ગઈ હતી.** ગ જિલ્લામાં પાનખરની શરૂઆતની સાથે જંગલોમાં આકસ્મિક દવ લાગવાની ઘટના જોવા મળે છે. આ દવ લાગવાની ઘટના મોટે ભાગે માર્ચ મહિનાથી મે મહિના સુધી જોવા મળે છે. આ દવ માટે મોટાભાગે સ્થાનિક લોકો જ જવાબદાર હોય છે. ડાંગ જિલ્લાનાં જંગલોમાં સ્થાનિકો દ્વારા જ અમુક વખતે જાણી જોઈને ક્યાંક આગ ચાંપી દેવામાં આવે છે. અને દોષનો ટોપલો વન વિભાગનાં કર્મચારીઓ પર ઢોળવામાં આવે છે. ગતરોજ ડાંગ જિલ્લાનાં દક્ષિણ વન વિભાગમાં સમાવિષ્ટ શામગહાન રેંજનાં માનમોડી-બોન્ડારમાળ વિસ્તારનાં 319 કમ્પાર્ટમેન્ટનાં તોરણીયા ડુંગરનાં જંગલ વિસ્તારમાં પણ અચાનક દવ ફાટી નીકળતા અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. જોકે આ દવ લાગ્યાની જાણ શામગહાન રેંજનાં આર.એફ.ઓ ચિરાગભાઈ માછીને થતા તેઓ તથા તેઓની વનકર્મીઓની ટીમ તુરંત જ ઘટના સ્થળ પર દોડી ગઈ હતી. વનકર્મીઓની ટીમને મોડી રાત્રી સુધી ડુંગરાળ અને દુર્ગમ વિસ્તારમાં આવેલા તોરણીયા ડુંગરનાં જંગલ વિસ્તારમાં દવને કાબુમાં લેવા માટે સફળતા મેળવી હતી.



ગીરીશ ભોયે

## સ્થાનિકોએ પણ સતર્ક બની જંગલોનું રક્ષણ અને જતન કરવુ જોઈએ

આર.એફ.ઓ ચિરાગ માછીએ જણાવ્યુ હતુ કે શામગહાન રેંજનાં માનમોડી-બોન્ડારમાળ વિસ્તારનાં કમ્પાર્ટમેન્ટ ન.319માં રવિવારે મોડી સાંજે દવ લાગ્યો હતો. જેની જાણ થતાની સાથે જ ઘટના સ્થળ પર દોડી ગયા હતા.મોડી રાત્રીનાં 1 વાગ્યા સુધીમાં દુર્ગમ અને ડુંગરાળ વિસ્તારમાં અમારી વન વિભાગની ટીમે ભારે જહેમત બાદ દવને કાબુમાં લઈ ઓલવી દેવાયો હતો. વધુમાં તેઓએ જણાવ્યુ હતુ કે દવ લાગે તો વનવિભાગ જ નહીં પરંતુ સ્થાનિકોએ પણ સતર્ક બની વન વિભાગને સહકાર આપી જંગલોનું રક્ષણ અને જતન કરવુ જોઈએ.

# ઈમરાનનગરમાં હાઈવા ડમ્પરની અડફેટે વીજપોલ સહિત ટ્રાન્સફોર્મર તૂટી ગયા

વાપી : વાપીના ઈમરાન નગરમાં હાઈવા ડમ્પર ચાલકની બેદરકારીને પગલે વીજપોલ, વાયર તથા ટ્રાન્સફોર્મર સેન્ટરને તોડી નાંખી રૂપિયા 83 હજાર ઉપરાંતનું નુકશાન પહોંચાડ્યાની ફરિયાદ વીજ વિભાગ દ્વારા વાપી ટાઉન પોલીસ મથકમાં કરવામાં આવી હતી.

વાપી ઈમરાન નગર, એમ.એમ. પાર્કની સામે, મોર્ડન સ્કૂલ તરફ જતા માર્ગ ઉપર વીજ ટ્રાન્સફોર્મર સેન્ટર બનાવેલુ છે. અહીંથી પસાર થતી હાઈવા ડમ્પર ટ્રક નં. જીજે-21 વાય-3297 ના ચાલકે ટ્રેઈલર (બોડી) ઊંચી રાખી બેદરકારીપૂર્વક હંકારી લાવતા વીજવાયરો ફસાઈ ગયા હતા અને વીજપોલ તથા વાયરો અને ટ્રાન્સફોર્મર સેન્ટર તોડી નાંખ્યા હતાં. જેને લઈ આ વિસ્તારમાં પાવર સપ્લાય બંધ થઈ ગયો હતો. જેની જાણ વીજ વિભાગને કરવામાં આવી હતી અને સ્થળ પર વીજકર્મીઓ પહોંચી ગયા હતાં. જ્યાં આગળ ડમ્પર ટ્રકચાલક વાહન છોડી ચાલી ગયો હતો. વીજ વિભાગને ડમ્પર ઉપર લખેલો મોબાઈલ નંબર મળતા તેઓનો સંપર્ક સાધી નુકશાન ભરપાઈ કરવા માટે જણાવ્યું હતું. જો કે, સામેવાળાએ નુકશાન ભરપાઈ થઈ શકે નહીંનું જણાવ્યું હતું. ડમ્પરની અડફેટે વીજપોલ-વાયર-ટ્રાન્સફોર્મર સેન્ટર તૂટી જતા વીજ વિભાગના નાયબ ઈજનેરે વાપી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# ડાંગમાં એસ્પ્રેસનલ બ્લોક ફેલોની ભરતીમાં ગેરરીતિ આચરી સ્થાનિકોને અન્યાય કરાયો

સાપુતારાઃ ડાંગ જિલ્લામાં એસ્પ્રેસનલ બ્લોક ફેલોની ભરતી કરવામાં આવી હતી. જો કે સ્થાનિક કક્ષાએ ડાંગ જિલ્લાના યુવાનોને અગ્રિમતા નહીં આપીને અન્ય જિલ્લાના યુવાનોની ભરતી કરવામાં આવેલી છે. ત્યારે ગેરરીતિ આચરવામાં આવી હોવાની ફરીયાદ ઉઠતા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતુ. હાલમાં ડાંગ જીલ્લામાં સ્થાનિક કક્ષાએ આહવા ખાતે એસ્પ્રેસનલ બ્લોક ફેલોની ભરતી કરવામાં આવી છે. જેમાં સ્થાનિક આદિવાસી બેરોજગાર યુવાનોએ પણ ભાગ લીધો હતો. પરંતુ યેન કેન પ્રકારે સ્થાનિક યુવાનોને આ ભરતીમાં વહીવટી તંત્રએ ખોટી રીતે રિજેક્ટ કરીને અન્ય જિલ્લાના યુવાનોને અગ્રિમતા આપવામાં આવી છે. જેના કારણે સ્થાનિક યુવાનો સાથે અન્યાય થયો હોય તેમ જણાઈ રહ્યું છે. ડાંગ જિલ્લામાં સ્થાનિક કક્ષાએ લાયકાત અને અનુભવ તેમજ કુશળતા ધરાવતા ઉમેદવારો હોવા છતા લાગવગ અને ભ્રષ્ટાચાર કરીને સ્થાનિક બેરોજગાર યુવાનોને પ્રાધાન્ય નહીં આપી અન્યાય કરવામાં આવી રહ્યો છે. ત્યારે સ્થાનિક યુવાનોને પ્રાધાન્ય આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે.

# ધાડ, હત્યા અને લૂંટના ગુનાનો પારધી ગેંગનો મુખ્ય આરોપી ઝડપાયો

**પોલીસે** 19 વર્ષ બાદ મુંબઈ તિલકનગર રેલવે સ્ટેશન પાસેથી ઝડપી પાડ્યો

નવસારી : ધાડ, હત્યા અને લૂંટ જેવા અનેક ગુનાઓનો આરોપી અને લોકઅપ તોડી ફરાર થયેલા પારધી ગેંગના મુખ્ય આરોપીને પોલીસે ૧૯ વર્ષ બાદ મુંબઈથી ઝડપી પાડ્યો છે.

મળતી માહિતી મુજબ, નવસારી જિલ્લા પોલીસ અધિક્ષક સુશિલ અગ્રવાલે આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-2024 અનુસંધાને નાસતા-ફરતા આરોપી પકડવા વોન્ટેડ અક્યુસ્ડ સેલ સ્કોડની રચના કરી હતી. જેમાં ગણદેવી પોલીસ મથકે ગત વર્ષ 2005 માં નોંધાયેલા ધાડના ગુનામાં સંડોવાયેલા મુખ્ય આરોપીને પકડવા તપાસ કરવામાં આવી હતી. દરમિયાન ગણદેવી પોલીસ મથકે નોંધાયેલા ધાડના ગુનાનો આરોપી મુંબઈમાં કુર્લા વિસ્તારમાં આવેલા તિલકનગર રેલ્વે સ્ટેશનની આજુબાજુમાં ભીખ માંગતો હોવાની બાતમીના આધારે વોચ રાખી હતી. દરમિયાન પોલીસે મહારાષ્ટ્ર અહેમદનગરમાં રહેતા રાજુ ઉર્ફે સુદર્શન ડન્ડુ ઉર્ફે નારાયણ પવાર (પારધી) ને પકડી પાડવામાં સફળતા મળી છે. પોલીસ આરોપીને નવસારી લાવી પુછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે, તે તેના મિત્રો ભાનુદાસ પવાર, અંબાદાસ પવાર, શિવાનંદ કાળે તથા વિષ્ણુભાઈ સાથે અન્ય 8 આરોપીઓ સાથે મળી ગત 18મી મે 2005 ના રોજ એંધલ ગામે ડુંગરીના મકાનમાં સુતેલા માણસોને માથામાં મારી સોનાના દાગીના મંગળસૂત્ર તેમજ વીંટીઓની લૂંટ કરી નાસી ગયા હતા. ગત 2005માં તેના મિત્રો શિવાનંદ અને વિષ્ણુભાઈ સુરત ગ્રામ્ય એલ.સી.બી. બ્રાંચના લોકઅપમાં હતા. ત્યારે લોકઅપ ખોલી ત્રણેય ભાગવા જતા પોતે અને શિવાનંદ ભાગવામાં સફળ થયા હતા.


बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda | VIJAYA | DENA

**ચલથાણ શાખા :** દુકાન નં.૧ થી ૫, સાંઈ વાટિકા, ને.હા.નં.૪૮, ચોકીધાની હોટલ સામે, પલસાણા, જી.સુરત-૩૯૪૩૦૫
e-mail : vjchal@bankofbaroda.com Ph.:02622-281101

**(સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેક્શન ૧૩ ના સબ-સેક્શન (૨) હેઠળ) જામીનદારને નોટીસ**

પ્રતિ, શ્રી કનુભાઈ ભગવાન વોડ : પ્લોટ નં.૩૪, જી ગોવિંદ સોસાયટી, કડોદરા, સુરત-૩૯૪૩૧૦
અને : પ્લોટ નં.૭૭, બાલાજી ગ્રીન સીટી, કડોદરા, તા.પલસાણા, સુરત-૩૯૪૩૧૦
શ્રીમતી રીટા વિજયકુમાર મહેતા : પ્લોટ નં.એ/૪૫૦, શ્રી બાલાજી નગર હાઉસીંગ સોસાયટી, કડોદરા, તા.પલસાણા, જી.સુરત-૩૯૪૩૧૦

વિષય : સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હવે પછી અહીં 'ધ એક્ટ' તરીકે ઉલ્લેખાશે હેઠળ શ્રી વિજયકુમાર જગદીશ મહેતાને નોટીસ.

મહેરબાનશ્રી,
વિષય : શ્રી વિજયકુમાર જગદીશ મહેતા દ્વારા લીધેલ કેડીટ ફેસીલીટીમાં તમારી જામીનગીરી અંગે

૧) તમને ખબર છે તે પ્રમાણે તારીખ ૨૯.૧૨.૨૦૧૪ ના રોજ તમે તમામ નાણાં અને નાણાકીય જવાબદારીઓની ચૂકવણીની ગેરેન્ટી આપી હતી. જે તમારી પાસેથી એટલે કે શ્રી વિજયકુમાર જગદીશ મહેતા પાસેથી **રૂ.૧૦,૦૦,૦૦૦/-** (રૂપિયા દસ લાખ પુરા) તેના ઉપરના વ્યાજ સહિત ચુકવવા ઉપરના જામીન દસ્તાવેજ પ્રમાણે ચૂકવવાના થાય છે. તેમણે જામીનની જવાબદારી સુરક્ષિત કરવા માટે અમને નીચે પ્રમાણેની સીક્યુરીટી પુરી પાડી છે.
ઈક્વીટેબલ મોર્ગેજ કરેલ શ્રી બાલાજી હાઉસીંગ સોસાયટી સ્થિત પ્લોટ નં.એ/૪૫૦ જેનું અંદાજે માપ ૫૦.૧૭ ચો.મી., બ્લોક નં.૧૨૧, મોજે કડોદરા, સબ ડીસ્ટ્રીક્ટ પલસાણા, જી.સુરત, ગુજરાત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : ઉત્તર તરફ : પ્લોટ નં.એ/૪૫૧, દક્ષિણ તરફ : પ્લોટ નં.એ/૪૪૯, પૂર્વ તરફ : સોસાયટીનો રોડ, પશ્ચિમ તરફ : પ્લોટ નં.બી/૪૨૫ આવેલ છે.
૨) અમે તમને જણાવીએ છીએ કે, દેવાદાર કે જે બાકી લોનની રકમ ચુકવવામાં અસમર્થ થયા છે અને તેમનો એકાઉન્ટ નોન-પર્ફોર્મીંગ એસેટ તરીકે જાહેર થયેલ છે. આ નોટિસની કોપી દેવાદારને તા.૧૨.૦૩.૨૦૨૪ ના રોજ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ આપવામાં આવી હતી, જેમાં દેવાદાર અસમર્થ સાબિત થતાં જામીનદાર તરીકે તમારે અમને બાકીની લોન/કેડિટ ફેસીલીટી ની બાકી રકમ **રૂ.૮,૩૨,૦૫૬.૧૯ (રૂપિયા આઠ લાખ બત્રીસ હજાર છપ્પન અને ઓગણીસ પૈસા પુરા)** + લાગુ નહી કરેલ વ્યાજ + અનસર્વિસ્ડ વ્યાજ + અન્ય ચાર્જીસ સહિત ચૂકવવાની થાય છે અને અહીં તમને ઠપકો આપીને જણાવીએ છીએ કે, આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર બાકીની રકમ ચુકવી દેવાની રહેશે. કૃપા કરી નોંધ લો કે પેરા નં. ૧ માં દર્શાવ્યા પ્રમાણે તા.૧૨.૦૩.૨૦૨૪ મુજબ વ્યાજ ચડવાના ચાલુ રહેશે. (કોપી સામેલ).
૩) અમે આગળ તમને જણાવીએ છીએ કે, તમારી આપેલી જવાબદારીઓ કે જે ઋણ ચુકવવાની હતી તેમાં તમે અસમર્થ નીવડયા છો. અહીં તમને સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની ધારા ૧૩ની પેટા કલમ (૨) હેઠળ તમને નોટિસ આપીને ૬૦ દિવસની અંદર ચુકવી દેવા જણાવ્યુ હતું અમે આગળ તમને નોટિસ આપીને જણાવીએ છીએ કે, ઉપરની રકમ વ્યાજ સાથે ચુકવણીની તારીખ સુધીમાં ચુકવવામાં અસમર્થ થશો તો અને કલમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળના તમામ કે કોઈ પણ સત્તાનો ઉપયોગ કરવાની અમને ફરજ પડશે તેની નોંધ લેવી.
૪) અમે આગળ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૧૩) હેઠળ પેરા (૧) માં દર્શાવેલ મિલકત ના નોટીસમાં બતાવ્યા પ્રમાણેની સંપત્તિનું વેચાણ, લીઝ કે સ્થળાંતર કરવાની મનાઈ કરવામાં આવે છે.(ધંધાના સામાન્ય કામકાજ સિવાય) વધુમાં અમે એવું જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) માં જણાવેલ જોગવાઈઓનું પાલન ન કરવું તે આ ધારાની કલમ ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે.
અમે તમારૂ ધ્યાન ઉપરોક્ત અધિનિયમની કલમ ૧૩ ની પેટા કલમ (૮) તરફ દોરવા માંગીએ છીએ, જેમાં શરતો મુજબ જો તમે બેંક દ્વારા લેવામાં આવતા તમામ ખર્ચો, ચાર્જ સહિત બાકીની રકમની ચુકવણી જાહેર હરાજી/ટેન્ડર/ખાનગી સંધી કરાર માટે નોટીસ પ્રસિદ્ધ કરવાની તારીખ પહેલા કોઈપણ સમયે કરો તો તમે સુરક્ષિત મિલકતને છુટી કરી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે ઉપર મુજબની નોટીસ પ્રસિદ્ધ થયા પછી, સુરક્ષિત મિલકત છોડાવવાનો તમારો અધિકાર ઉપલબ્ધ રહેશે નહી.
૫) કૃપા કરીને નોંધ લેશો કે આ નોટિસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તમારી પાસેથી બાકી નીકળતી રકમના સંદર્ભમાં વધારે માગણી કરવાના અધિકાર સહિત અન્ય કોઈ અધિકાર કે રાહતની માંડવાળ તરીકે ગણવામાં નહિ આવે.

તા.૧૨.૦૩.૨૦૨૪ | સ્થળ : ચલથાણ — ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા



बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda | VIJAYA | DENA

**ચલથાણ શાખા :** દુકાન નં.૧ થી ૫, સાંઈ વાટિકા, ને.હા.નં.૪૮, ચોકીધાની હોટલ સામે, પલસાણા, જી.સુરત-૩૯૪૩૦૫
e-mail : vjchal@bankofbaroda.com Ph.:02622-281101

**(સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેક્શન ૧૩ ના સબ-સેક્શન (૨) હેઠળ) દેવાદારને નોટીસ**

પ્રતિ, **શ્રી વિજયકુમાર જગદીશ મહેતા :** પ્લોટ નં.એ/૪૫૦, શ્રી બાલાજી નગર હાઉસીંગ સોસાયટી, કડોદરા, તા.પલસાણા, જી.સુરત-૩૯૪૩૧૦

મહેરબાનશ્રી,
વિષય : અમારી ચલથાણ શાખામાંથી મેળવેલ કેડીટ સુવિધા અંગે.
અમારા તા.૨૯.૧૨.૨૦૧૪ ના રોજના પત્ર ક્રમાંક : SMDP/SBM/NKD/19188:178:2014 માં જણાવ્યા મુજબ તમારૂ એડવાન્સ ખાતુ શ્રી વિજયકુમાર જગદીશ મહેતા ની કેડીટ સુવિધાઓની મંજૂરી અને મંજૂરીની શરતો જણાવતા ઉપરોક્ત મંજૂરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીક્યુરીટી પુરી પાડીને કેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો હતો. વિવિધ લોન/કેડીટ સુવિધા ખાતાઓમાં અને સીક્યુરીટી ઈન્ટરેસ્ટ પુરી પાડી હતી જે ખાતાની બાકી વિગત નીચે મુજબ છે.

| સુવિધાનો પ્રકાર | લીમીટ | વ્યાજનો દર | ૨૮.૦૨.૨૦૨૪ ના રોજની બાકી | કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત |
|---|---|---|---|---|
| હોમ લોન ૮૦૭૧૦૬ ૦૦૦૦૦ ૩૪૦ | રૂ. ૧૦,૦૦,૦૦૦/- | ૧૦.૨૦% નેટ વ્યાજનો દર | રૂ.૮,૩૨,૦૫૬.૧૬ + લાગુ નહી કરેલ વ્યાજ + અનસર્વિસ્ડ વ્યાજ + અન્ય ચાર્જીસ | ઈક્વીટેબલ મોર્ગેજ કરેલ શ્રી બાલાજી હાઉસીંગ સોસાયટી સ્થિત પ્લોટ નં.એ/૪૫૦ જેનું અંદાજે માપ ૫૦.૧૭ ચો.મી., બ્લોક નં.૧૨૧, મોજે કડોદરા, સબ ડીસ્ટ્રીક્ટ પલસાણા, જી.સુરત, ગુજરાત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : ઉત્તર તરફ : પ્લોટ નં.એ/૪૫૧, દક્ષિણ તરફ : પ્લોટ નં.એ/૪૪૯, પૂર્વ તરફ : સોસાયટીનો રોડ, પશ્ચિમ તરફ : પ્લોટ નં.બી/૪૨૫ આવેલ છે. |
| કુલ : | રૂ. ૧૦,૦૦,૦૦૦/- | | રૂ.૮,૩૨,૦૫૬.૧૬ + લાગુ નહી કરેલ વ્યાજ + અનસર્વિસ્ડ વ્યાજ + અન્ય ચાર્જીસ | |

**મોર્ગેજ કરેલ મિલકતની વિગત આ મુજબ છે :** તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત શ્રી બાલાજી હાઉસીંગ સોસાયટી સ્થિત પ્લોટ નં.એ/૪૫૦ જેનું અંદાજે માપ ૫૦.૧૭ ચો.મી., બ્લોક નં.૧૨૧, મોજે કડોદરા, સબ ડીસ્ટ્રીક્ટ પલસાણા, જી.સુરત, ગુજરાત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : ઉત્તર તરફ : પ્લોટ નં.એ/૪૫૧, દક્ષિણ તરફ : પ્લોટ નં.એ/૪૪૯, પૂર્વ તરફ : સોસાયટીનો રોડ, પશ્ચિમ તરફ : પ્લોટ નં.બી/૪૨૫ આવેલ છે. અને સબ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ પલસાણા, જી.સુરત, ગામ કડોદરા, તા.પલસાણા, અને રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ સુરત છે.

૧)તા.૨૯.૧૨.૨૦૧૪ ના રોજ ના લોન કરારના દસ્તાવેજોના આધારે હાઉસીંગ લોનની બેંકની બાકી રકમ રૂ.૧૦,૦૦,૦૦૦/- ની જવાબદારી સ્વીકારી છે. ઉપરોક્ત બાકી રકમ તા.૨૮.૦૨.૨૦૨૪ સુધીના વ્યાજ સહિત છે. ખાતામાં અન્ય ચાર્જીસ ઉધારેલ નથી. ૨) તમે જાણો છો કે તમે તા.૨૯.૦૨.૨૦૨૪ ના રોજ પૂરા થયેલ માસ માં ઉપરોક્ત લોન / બાકી રકમના વ્યાજની ચુકવણી કરવામાં કસુર કરેલ છે. તમે તા.૨૮.૦૨.૨૦૨૪ ના રોજ અને ત્યાર બાદ ચુકવણની મુદતે પણ લોન / બાકી હપ્તાની ચુકવણીમાં કસુર કરેલ છે. ૩) તમે કરેલ કસુર બદલ તમારૂં લોન એકાઉન્ટ તા.૨૮.૦૨.૨૦૨૪ ના રોજ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ નોન-પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વારંવાર વિનંતી કરી છતાં તમે તમારી મૂળ રકમ અને તેના પરના વ્યાજ, ખર્ચ, ચાર્જીસ વગેરે ચુકવ્યા નથી. ૪) લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા-૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન-પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી બેંક પ્રત્યેની **રૂ.૮,૩૨,૦૫૬.૧૯ (રૂપિયા આઠ લાખ બત્રીસ હજાર છપ્પન અને ઓગણીસ પૈસા પુરા)** + લાગુ નહી કરેલ વ્યાજ + અનસર્વિસ્ડ વ્યાજ + અન્ય ચાર્જીસની જવાબદારી પેરા-૧ માં જણાવ્યા મુજબ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તારીખ સુધીમાં તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. ૫) કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા-૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. ૬) તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ-૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા-૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્ય ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. ૭) વધુમાં અમે ધારા ૧૩ની પેટા કલમ (૮) મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત-જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી. ૮) કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છૂટ રાહત કે છુટછાટ ક્યાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધિત છે.

તા.૧૨.૦૩.૨૦૨૪ | સ્થળ : ચલથાણ — ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા



बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda | VIJAYA | DENA

**હની પાર્ક રોડ શાખા, સુરત :** ૩-શિવાલીક વેસ્ટર્ન, એલ. પી. સવાણી રોડ, અડાજણ, સુરત-૩૯૫૦૦૯ ફોન : ૦૨૬૧-૨૭૪૬૭૬૭
E-mail : honeyp@bankofbaroda.com

[સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ-૮(૧) હેઠળ] **કબજા નોટીસ** [ધારા ૧૩(૪)] (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર બેંક ઓફ બરોડા ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (બીજો) એક્ટ ૨૦૦૨ અને ધારા ૧૩(૧૨) ના રૂલ ૩ સાથે વંચાણે લઈ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ તારીખે આ ધારા હેઠળ ડિમાન્ડ નોટીસ બજાવી ને દેવાદારને તેમના ખાતાની સામે દર્શાવેલ રકમ આ નોટીસ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે ઉપરોકત નિયમોનાં અંતર્ગત ધારા ૧૩ની પેટા કલમ (૪) ના નિયમ ૮ સાથે વંચાણે લઈ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ હેઠળ નીચે હસ્તાક્ષર કરેલ અધિકારીએ પોતાના અધિકારથી **તા.૧૫મી માર્ચ, ૨૦૨૪** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો **પ્રત્યક્ષ કબજો** મેળવેલ છે.

**દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.**

આથી વિગતમાં દર્શાવેલ દેવાદાર / ગીરવેદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહી અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો બેંક ઓફ બરોડા ની બાકી રકમ અને લાગુ નહી કરેલ વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિતના ને આધિન રહેશે.

| અ. નં. | શાખાનું નામ / ખાતાનું નામ / દેવાદારનું નામ (મિલકતના માલિક) | મોર્ગેજ કરેલ મિલકતની વિગત અને કબજાનો પ્રકાર | ડીમાન્ડ નોટીસની તારીખ / કબજો લીધાની તારીખ / ડિમાન્ડ નોટીસ મુજબ બાકી લેણાંની રકમ |
|---|---|---|---|
| ૧. | **હની પાર્ક શાખા** / **શ્રી રાજેન્દ્ર રામાચલ યાદવ (દેવાદાર),** શ્રીમતી રેનુબેન યજ્ઞનારાયણ યાદવ (સહદેવાદાર) અને શ્રી બ્રિજેશ યાદવ (જામીનદાર) | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત આરાધના ડ્રીમ વિભાગ-૪ સ્થિત પ્લોટ નં.૧૮૧ જેનું માપ ૪૧.૧૫ ચો.મી. જે ૪૮.૦૦ ચો.વાર બરાબર (કે.જે.પી. મુજબ બ્લોક નં.૧૬૧/૧૮૦, માપ ૪૦.૧૫ ચો.મી.) જે જમીનમાં ૧૮.૯૫ ચો.મી.માં આવેલ કોમન રોડ અને સીઓપી ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત, જમીન બ્લોક નં.૧૬૧, રેવન્યુ સર્વે નં.૧૪૬/૨ મોજે ગામ જોળવા, તા.પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : પૂર્વ તરફ : પ્લોટ નં.૧૭૮, ઉત્તર તરફ : પ્લોટ નં.૧૮૦, પશ્ચિમ તરફ : સોસાયટીનો આંતરિક રોડ, દક્ષિણ તરફ : પ્લોટ નં.૧૮૨ આવેલ છે. | **૨૬.૧૨.૨૦૨૩** / **૧૫મી માર્ચ ૨૦૨૪** / **રૂ.૧૧,૧૯,૪૦૦/-** (રૂપિયા અગીયાર લાખ ઓગણીસ હજાર ચારસો પુરા) |
| ૨. | **હની પાર્ક શાખા** / **શ્રી રોકડ મિતકુમાર રમેશભાઈ (દેવાદાર)** અને શ્રીમતી રીટાબેન રમેશભાઈ રોકડ (સહદેવાદાર) | તમામ હક્ક, ટાઈટલ અને હિત ધરાવતી મિલકત સ્ટાર પવિત્ર નગરી, બિલ્ડીંગ નં.એચ-૩ ના ૪થા માળ નો ફલેટ નં.૪૦૪ જેનું અંદાજે માપ ૪૧.૪૯ ચો.મી. કાર્પેટ, જેની જમીનના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત, રેવન્યુ સર્વે નં.૩૦૫ યાને જુનો બ્લોક નં.૧૭૦ પૈકી યાને નવો બ્લોક નં.૨૯૧૫, ફાઈનલ પ્લોટ નં.૮૬, ટી.પી.સ્કીમ નં.૪૮ (ખોલવડ) મોજે ગામ ખોલવડ, તા.કામરેજ, જી.સુરત ખાતે શ્રી રોકડ મિતકુમાર રમેશભાઈ અને શ્રીમતી રીટાબેન રમેશભાઈ રોકડ ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : ઉત્તર તરફ : ૨૪ મીટર ટી.પી. રોડ, પૂર્વ તરફ : આર-૦૯ સબ સેન્ટર, દક્ષિણ તરફ : ૧૮ મીટર ટી.પી. રોડ, પશ્ચિમ તરફ : એફ.પી.૮૭ આવેલ છે. | **૧૮.૧૨.૨૦૨૩** / **૧૫મી માર્ચ ૨૦૨૪** / **રૂ.૧૦,૬૫,૧૬૬.૦૭** (રૂપિયા દસ લાખ પાંસઠ હજાર એકસો છાંસઠ અને સાત પૈસા પુરા) |
| ૩. | **હની પાર્ક શાખા** / **શ્રી ધીરૂભાઈ બોધાભાઈ મકવાણા (દેવાદાર),** શ્રીમતી આશાબેન ધીરૂભાઈ મકવાણા (સહદેવાદાર) અને શ્રી જયેશભાઈ સવજીભાઈ હડીયા (જામીનદાર) | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત ક્રિષ્ના રેસીડન્સી વિભાગ-૨ સ્થિત પ્લોટ નં.૧૧૪ જેનું અંદાજે માપ ૫૭.૬૦ ચો.મી. રી-સર્વે બાદ બ્લોક નં.૨૯૫૩, માપ અંદાજે ૫૫.૦૦ ચો.મી. જે જમીનમાં આશરે ૨૭.૮૯ ચો.મી.માં આવેલ રોડ અને સીઓપી ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત, જમીન રેવન્યુ સર્વે નં.૨૬૧, ૨૬૩, બ્લોક નં.૨૭૮, ગામ માંકણા, તા.કામરેજ, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : પૂર્વ તરફ : પ્લોટ નં.૧૧૫, ઉત્તર તરફ : સોસાયટીનો આંતરિક રોડ, પશ્ચિમ તરફ : સોસાયટીનો આંતરિક રોડ, દક્ષિણ તરફ : પ્લોટ નં.૧૧૩ આવેલ છે. | **૨૧.૧૦.૨૦૨૩** / **૧૫મી માર્ચ ૨૦૨૪** / **રૂ.૨૨,૦૭,૬૧૨.૫૬** (રૂપિયા બાવીસ લાખ સાત હજાર છસો બાર અને છપ્પન પૈસા પુરા) |
| ૪. | **હની પાર્ક શાખા** / **શ્રી વિક્રમ સિંઘ (દેવાદાર),** શ્રીમતી નિરજ રાની વિક્રમ સિંઘ (સહદેવાદાર) અને શ્રી બલરામ લક્ષ્મણભાઈ જાદવ (જામીનદાર) | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત સુમન આનંદ, બિલ્ડીંગ નં.LIG-5/K સ્થિત ફલેટ નં.LIG-5/K-1103 જેનું માપ ૪૧.૨૭૪ ચો.મી. (બિલ્ટ અપ એરીયા), ૩૭.૭૫૨ ચો.મી. (કાર્પેટ એરીયા) જેની જમીન ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત, ફાઈનલ પ્લોટ નં.૬૬, ટી.પી.સ્કીમ નં.૩ (રૂંઢ) મોજે ગામ રૂંઢ, સબ ડીસ્ટ્રીકટ તાલુકા સુરત સીટી, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : ઉત્તર તરફ : જોડેનો ફલેટ નં.કે-૧૧૦૪, પૂર્વ તરફ : લીફટ પેસેજ, ઓટીએસ. દક્ષિણ તરફ : જોડેનો ફલેટ નં.જે-૧૧૦૨, પશ્ચિમ તરફ : ૯ મીટર આંતરિક રોડ અને એચ-બિલ્ડીંગ આવેલ છે. | **૩૦.૧૦.૨૦૨૩** / **૧૫મી માર્ચ ૨૦૨૪** / **રૂ.૬,૫૫,૨૫૬.૮૦** (રૂપિયા છ લાખ પંચાવન હજાર બસો છપ્પન અને એંસી પૈસા પુરા) |
| ૫. | **હની પાર્ક શાખા** / **શ્રીમતી અંજુ સિંઘ તે મર્હુમ** અનિલ સિંઘ રાજપૂત ના પત્ની (સહદેવાદાર અને મર્હુમ અનિલ સિંઘ રાજપૂત ના કાયદેસરના વારસદાર) અને શ્રી ધર્મેન્દ્રસિંઘ નંદરાજસિંઘ તે નંદરાજસિંઘ ના પુત્ર (જામીનદાર) | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત સાંઈ પ્રેરણા રો-હાઉસ સ્થિત પ્લોટ નં.૧૫, જેનું માપ ૧૦૦.૦૦ ચો.વાર (૮૩.૬૧ ચો.મી.) બ્લોક નં.૧૫૭, રેવન્યુ સર્વે નં.૧૩૩, ગામ બારાસડી, તા.પલસાણા, સુરત ખાતે શ્રીમતી અંજુ સિંઘ તે મર્હુમ શ્રી અનિલ સિંઘ રાજપૂત ના પત્ની અને મર્હુમ શ્રી અનિલ સિંઘ રાજપૂત ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : પૂર્વ તરફ : પ્લોટ નં.૧૮, ઉત્તર તરફ : પ્લોટ નં.૧૬, પશ્ચિમ તરફ : સોસાયટી નો આંતરિક રોડ, દક્ષિણ તરફ : પ્લોટ નં.૧૪ આવેલ છે. | **૩૦.૧૦.૨૦૨૩** / **૧૫મી માર્ચ ૨૦૨૪** / **રૂ.૨૨,૯૧,૫૨૭.૯૨** (રૂપિયા બાવીસ લાખ એકાણુ હજાર પાંચસો સત્તાવીસ અને બાણુ પૈસા પુરા) તેના ઉપરનું વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિત. |
| ૬. | **હની પાર્ક શાખા** / **શ્રી અરવિંદભાઈ ગોવિંદભાઈ મોનપરા** (દેવાદાર અને ગીરવેદાર) અને શ્રીમતી જ્યોત્સનાબેન અરવિંદભાઈ મોનપરા (સહદેવાદાર) | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત હરિક્રિષ્ના રેસીડન્સી સ્થિત પ્લોટ નં.૧૩ (ગામના ફોર્મ નં.૧૨ મુજબ બ્લોક સર્વે નં.૨૦૧૬-૧૩) જેનું અંદાજે માપ ૬૩.૫૨ ચો.મી. (આશરે ૭૬.૦૦ ચો.વાર) જે જમીનમાં ૪૦.૩૩ ચો.મી.ના પ્રમાણસર વણવહેંચાયેલ હિસ્સા સહિત, બ્લોક નં.૨૧૬ માપ ૮૦૮૬.૦૦ ચો.મી. ગામ વેલંજા, સબ ડીસ્ટ્રીકટ કામરેજ, જી.સુરત ખાતે અરવિંદભાઈ ગોવિંદભાઈ મોનપરા ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : ઉત્તર તરફ : જોડેનો પ્લોટ નં.૧૨, પૂર્વ તરફ : જોડેનો સોસાયટીનો રોડ, દક્ષિણ તરફ : જોડેનો પ્લોટ નં.૧૪, પશ્ચિમ તરફ : જોડેનો પ્લોટ નં.૨૨ આવેલ છે. | **૧૨.૦૫.૨૦૨૧** / **૧૫મી માર્ચ ૨૦૨૪** / **રૂ.૧૭,૮૪,૯૯૪.૫૨** (રૂપિયા સત્તર લાખ ચોર્યાસી હજાર નવસો ચોરાણું અને બાવન પૈસા પુરા) વત્તા અન્ય ચાર્જીસ સહિત. |

(આ સૂચનાના અંગ્રેજી સંસ્કરણ અને અન્ય કોઈપણ ભાષાના સંસ્કરણ વચ્ચે કોઈ વિસંગતતાની સ્થિતિમાં અંગ્રેજી સંસ્કરણ માન્ય રહેશે.)

તારીખ : ૧૫.૦૩.૨૦૨૪ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, હની પાર્ક શાખા, સુરત